# જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી અમરેલી

સત્યમેવ જયતે

Azadi Ka Amrit Mahotsav

૧૦૭-૧૧૧ બહુમાળી ભવન અમરેલી

e-mail: amrelideo@gmail.com

website: www.deoamreli.com


ક્રમાક:માધ્ય/મહેકમ/સેટઅપ/૨૦૨૨-૨૩/8260-65 તા. ૨૩/૧૨/૨૦૨૨

પ્રતિ,

આચાર્યશ્રી

બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉ.મા. શાળાઓ તમામ

જિ. અમરેલી

વિષય :- બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉ.મા. શાળાઓમાં બિન શૈક્ષણિક કર્મચારીઓનુ સંખ્યા બળ ( સેટઅપ ) નક્કી કરવા બાબત.

સંદર્ભ:- ૧.કમિશ્નરશ્રી શાળાની કચેરીના પત્ર ક્રમાંક:ઉમબ/ઉમા ૮/સેટઅપ/૨૦૨૨/તા. ૨૧/૧૨/૨૦૨૨

૨. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાક:બમશ/૧૧૦૯/ઓડી ૮(પા.કા.૧)/ગ. તા.૧૯/૦૧/૨૦૨૧

૩. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાક:બમશ/૧૧૦૯/ઓડી ૮(પા.કા.૧)/ગ. તા.૨/૧૨/૨૦૨૨

ઉપરોક્ત વિષય તેમજ સંદર્ભ અન્વયે જણાવવાનુ કે, આ જિલ્લાની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉ.મા. શાળાઓમાં વર્ષ- ૨૦૨૨ – ૨૩ માં બિન શૈક્ષણિક કર્મચારીઓનુ સંખ્યા બળ (સેટઅપ) નક્કી કરવા બાબતે કમિ.શ્રી શાળાઓની કચેરી ગાંધીનગરના સંદર્ભ-૧ ના પત્ર તેમજ શિક્ષણ વિભાગના સંદર્ભ-૨ અને ૩ ના ઠરાવની તમામ શરતો અને જોગવાઈઓને આધીન તા. ૩૧/૦૮/૨૦૨૨ ની સ્થિતિ માધ્યમિક અને ઉ.મા. શાળાઓની વિદ્યાર્થી સંખ્યા આખરી થયેથી વર્ષ- ૨૦૨૨ – ૨૩ માં બિન શૈક્ષણિક કર્મચારીઓનુ સંખ્યા બળ (સેટઅપ) નક્કી કરવા બિન શૈક્ષણિક સંવર્ગવાર મહેકમ સરકારશ્રીએ નિયત કરેલ છે. જે અન્વયે મળવાપાત્ર સેટઅપ અત્રેની કચેરીને રજુ કરવા સારુ આ સાથે સામેલ નિયત પત્રક એ અને બી મા આધાર/પુરાવાઓ સાથે ત્રણ નકલમા ફાઇલમાં નીચે જણાવેલ કેમ્પના સ્થળે અને સમયે બિનચુક રજુ કરવા આથી જણાવવામા આવે છે. તમામ અનુદાનિત માધ્યમિક અને ઉ.મા. શાળાએ આ સાથે સામેલ નિયત પત્રક- એ અને બી એક્ષલ ફાઇલ અને હાર્ડકોપી સોફ્ટકોફી સીડીમાં ત્રણ નકલમા ફાઇલમા જમા કરાવવાની રહેશે તેમજ તે અંગેનાં આધાર/પુરાવાઓ નિયત કરેલ કેમ્પનાં સ્થળે રજુ કરવાનાં રહેશે.

- પત્રક- એ અને બી (ત્રણ નકલ) ફાઇલમાં
- વર્ગ મંજુરીના આધારોની પ્રમાણિત નકલ (બે કે તેથી વધુ વર્ગોમાં છેલ્લા વર્ગ મંજુરીની નકલ)
- તાજેતરની ડેઇલી બુકની પ્રમાણિત નકલ
- જો શાળા લઘુમતી હોય તો પ્રમાણપત્રની પ્રમાણિત નકલ સામેલ રાખવી
- અન્ય જરુર જણાય તે આધાર/પુરાવાઓની પ્રમાણિત નકલ
- ઉક્ત પત્રક-એ અને બી તેમજ આધાર પુરવાઓની પ્રમાણિત નકલ ત્રણ સેટમાં રજુ કરવાની રહેશે



Scanned with CamScanner

- સામેલ પત્રક તેમજ રજુ કરેલ આધાર/પુરાવાઓની ચકાસણી કરી ક્ષતિ રહિત રજુ કરશો અન્યથા ભવિષ્યમા આ અંગે કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તે અંગેની સઘળી જવાબદારી આચાર્યની રહેશે
- નીચે જણાવેલ કેમ્પના સ્થળે અને સમયે બિનચૂક હાજર રહેવા આથી જણાવવામાં આવે છે

કેમ્પનું સ્થળ ;- જીજીબેન ફોરવર્ડ ગર્લ્સ હાઇસ્કુલ – અમરેલી.

તારીખ :- ૦૪/૦૧/૨૦૨૩

સમય:- સવારે ૧૦:૩૦ કલાક થી બપોરે ૨:૦૦ કલાક સુધી રાજુલા, બગસરા અને ખાંભા (એસ.વી.એસ.) ની સમાવિષ્ટ તમામ શાળાઓ

અને બપોરે ૨:૦૦ કલાકે થી ૫:૩૦ કલાક સુધી લાઠી અને અમરેલી (એસ.વી.એસ.) ની સમાવિષ્ટ તમામ શાળાઓ

કેમ્પમા ઉપસ્થિત રહી આપની બીટના મ.શિ.નિ.શ્રી તથા આચાર્યશ્રી એન.આર.વસાણી દ્વારા આપની દરખાસ્તની ચકાસણી કરાવી આ સાથે સામેલ ઉપરોક્ત સંદર્ભ પત્રોની સુચનાઓ ધ્યાને રાખી રજુ કરેલ દરખાસ્તની આધાર/પુરાવાઓ સાથે ચકાસણી કર્યાબાદ બિન શૈક્ષણિક કર્મચારીઓનું સંખ્યાબળ નક્કી કરવાનું રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી જિ. અમરેલી

બિડાણ :-

(૧) સંદર્ભ દર્શિત પત્ર

(૨) પત્રક-એ અને બી

નકલ રવાના જાણ તથા અમલ સારૂ :-

પ્રતિ,

૧. મદદનીશ શિક્ષણ નિરીક્ષકશ્રી, તમામ આ કચેરી

૨. આચાર્યશ્રી એન. આર. વસાણી સરકારી માધ્યમિક શાળા અકાળા, તા. લાઠી જિ.અમરેલી

૨/ કેમ્પના સ્થળે ઉપસ્થિત રહેવા તથા દરખાસ્તોની ચકાસણી કરવા સારૂ.

નકલ સવિનય રવાના જાણ સારૂ.

પ્રતિ, માન. નાયબ શિક્ષણ નિયામક સાહેબશ્રી, (૧૦+૨) કમિ.શ્રી શાળાઓની કચેરી, ગાંધીનગર

Scanned with CamScanner